## **-ः આંકઃ૧ લગત હુકમ ः-**

**૧.** આજરોજ કેસ રેકર્ડને ધ્યાને લેતા, આરોપી વિરૂદ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપી સામે નોંધાયેલ કેસ ઘણો જુનો છે. આરોપીને ઘણી વખત પ્રોસેસ ઈશ્યુ કરવા છતા તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી. પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી.

**૨.** ક્રિમીનલ પ્રોસીઝર કોડ-૧૯૭૩ ની કલમ-૨૫૮ અન્વયે નિકાલ બાબતે કલમઃ૨૫૮ વંચાણે લેવામાં આવે તો તે નિચે મુજબ છે.

**<u>કલમઃ૨૫૮ , કેટલાક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા</u>**

> **ફરીયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયના કોઈ સમન્સ કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વ મંજૂરીથી અન્ય કોઈ પણ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને **કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકશે તથા આવા છુટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** આમ, આ કલમ વંચાણે લેતા, સ્પષ્ટ છે કે, ફરીયાદ પરથી દાખલ થયેલા હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવે છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુક્ત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છુટકારાથી બિન-તહોમત મુક્ત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જ્યારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુક્ત કરવામાં આવે, ત્યારે બિન-તહોમત મુક્ત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ-૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહી. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈઝ કરવાની પણ સત્તા આપવામાં આવેલ

છે.

૪. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તેમજ પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે. તેમજ સદર કામના આરોપી કે તેમના જામીનદાર નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શક્યતા જણાતી નથી. જેથી હવે આ કેસમાં ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફિકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પુરતુ ધ્યાન આપી શકાતુ નથી. તે સંજોગોમાં ઈફિકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમઃ ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વિના જ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

## **-ঃ હુ ક મ ঃ-**

(૧) આ કામના આરોપી સામે હાલના કેસની કાર્યવાહી બંધ (સ્ટોપ પ્રોસીડીંગ્સ કરી) કરવાનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી પાછળથી કોઈપણ તબક્કે પકડાય આવે તો તેઓની સામે આ કામનું તહોમતનામું મુકી કાર્યવાહી કરવા માટે ભારતીય ફોજદારી ધારાની કલમઃ૩૦૦(૫), મુજબની પરવાનગી આપવામાં આવે છે. જે માટે આ અદાલતની ફરીથી પરવાનગી લેવાની રહેશે નહી.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલ અગાઊ કરેલ વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે. અન્યથા કબજે કરેલ મુદ્દામાલ અનુસંધાને ક્રિમીનલ મેન્યુઅલ મુજબ કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ.
તારીખ: ૦૯/૦૩ /૨૦૨૪

**(વી. જી. રાણા)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૩,અમદાવાદ.
કોડ નંબરઃજીજે-૦૦૯૬૪.